# બાલીમાં 50 ફૂટ ઊંચી ગણેશ પ્રતિમાએ ગિનિસ વર્લ્ડ રેકોર્ડ નોંધાવ્યો

**સિન્થેટિક** નેતરમાંથી ગૂંથીને બનાવાયેલી 15.315 મીટર ઊંચી શિલ્પકૃતિનું ગિયાનયાર ખાતે અનાવરણ



બાલી, તા. 20: વિશ્વના સૌથી મોટા મુસ્લિમ બહુમતી ધરાવતા દેશ ઇન્ડોનેશિયાના હિન્દુ બહુમતી ધરાવતા પ્રાંત બાલીમાં ભગવાન ગણેશની 50 ફૂટ ઊંચી વિશાળ પ્રતિમા સ્થાપિત કરવામાં આવી છે, આ મૂર્તિએ પોતાની અનોખી કારીગરી બદલ ગિનિસ વર્લ્ડ રેકોર્ડ્સમાં સ્થાન મેળવ્યું છે. 15.315 મીટર એટલે કે 50 ફૂટ 2 ઇંચ ઊંચાઈ ધરાવતી આ પ્રતિમાને સિન્થેટિક રટન (નેતર)માંથી ગૂંથીને બનાવવામાં આવી છે.

અલાસ હારુમ બાલી દ્વારા નિર્મિત આ કલાકૃતિને વિશ્વના સૌથી ઊંચી 'સપોર્ટેડ સિન્થેટિક રટન' શિલ્પકૃતિની શ્રેણીમાં વિશ્વ વિક્રમ તરીકે માન્યતા આપવામાં આવી છે.

નવી દિલ્હી સ્થિત ઇન્ડોનેશિયાના દૂતાવાસે સોશિયલ મીડિયા પર આ માહિતી શેર કરતા જણાવ્યું હતું કે બાલીના ગિયાનયાર ખાતે આ પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું છે, જે આ પ્રવાસન સ્થળનું નવું આકર્ષણ બની છે. ગિનિસ વર્લ્ડ રેકોર્ડ્સ ઇન્ડોનેશિયાએ પણ આ સિદ્ધિની પુષ્ટિ કરી છે. સમૃદ્ધ હિન્દુ વારસો ધરાવતા બાલીમાં પુરા બેસાકીહ અને તનાહ લોટ જેવા પ્રાચીન મંદિરો તેમજ રામાયણ-મહાભારતની સંસ્કૃતિ ઊંડે સુધી વણાયેલી છે. ત્યારે ગણેશજીની આ ભવ્ય પ્રતિમા બાલીની સાંસ્કૃતિક ઓળખમાં વધુ એક ઐતિહાસિક ઉમેરો કરે છે.




# ઇટાલીમાં વકરેલા વિરોધ પ્રદર્શનોઃ શિક્ષણ મંત્રી પર ફટાકડા ફેંકાયા

**૧૦૦થી** વધુ શહેરોમાં વિદ્યાર્થીઓ અને કામદારોએ દેખાવો કર્યા

મિલાન, તા. ૨૦: શુક્રવારે સમગ્ર ઇટાલીમાં હજારો વિદ્યાર્થીઓ અને કામદારો શિક્ષણ ક્ષેત્રે અપૂરતા રોકાણ, વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીની આર્થિક નીતિઓ, વધતી જતી મોંઘવારી, આરોગ્ય સંભાળ અને અન્ય જાહેર સેવાઓના વિરોધમાં રસ્તા પર ઉતરી આવ્યા હતા. આ વિરોધ પ્રદર્શનો દેશના સૌથી મોટા ટ્રેડ યુનિયન, 'ઇટાલિયન જનરલ કોન્ફેડરેશન ઓફ લેબર' દ્વારા યોજવામાં આવેલી રાષ્ટ્રવ્યાપી સામાન્ય હડતાળની સાથે જ યોજાયા હતા, જેમાં ઊંચા વેતન અને વધુ જાહેર ખર્ચની માંગ કરવામાં આવી હતી.

રોમમાં વિરોધ પ્રદર્શનો ત્યારે તંગ બન્યા જ્યારે વિદ્યાર્થીઓના એક જૂથે પોલીસ સુરક્ષા હેઠળ રહેલા શિક્ષણ મંત્રાલયના ભવન પર ફટાકડા અને કાચની બોટલો ફેંકી હતી. ઇટાલિયન સમાચાર એજન્સી ANSA અનુસાર, પ્રદર્શનકારીઓ વિયાલે ટ્રાસ્ટેવેરે સ્થિત મંત્રાલય સુધી કૂચ કરીને ગયા હતા, જ્યાં તેમણે શિક્ષણ મંત્રી જ્યુસેપ વાલ્દિટારા વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરતી વખતે હેલ્મેટ અને રોડ સાઇન પણ ફેંક્યા હતા. 100થી વધુ શહેરોમાં વિરોધ પ્રદર્શનો યોજાયા હતા, જેમાં રોમ, મિલાન, નેપલ્સ, જેનોઆ, બોલોગ્ના, બારી અને તુરિનમાં મોટી સંખ્યામાં લોકો એકઠા થયા હોવાના અહેવાલ છે. સમગ્ર યુરોપમાં યુવાનોની વ્યાપક એકત્રીકરણની લહેરના ભાગરૂપે વિદ્યાર્થી સંગઠનોએ પણ 45થી વધુ શહેરોમાં વિરોધ પ્રદર્શનોનું આયોજન કર્યું હતું.

# દેશની પ્રથમ બુલેટ ટ્રેન આવતા વર્ષે શરૂ થશે, સુરત-વાપી પ્રથમ તબક્કો

**371 કિમી** વાયાડક્ટ અને 8 સ્ટેશનનું સિવિલ કામ પૂર્ણ

**થાણે** ક્રીક નીચે અંડરસી ટનલ તથા સ્વદેશી B28 ટ્રેન પર કામગીરી તેજ

**સાબરમતી**, સુરત અને થાણે ડેપો પર કામ પ્રગતિમાં

નવી દિલ્હી, તા. 20 (પીટીઆઈ): રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે શુક્રવારે જણાવ્યું કે દેશની પ્રથમ હાઈ-સ્પીડ રેલ સેવા 2027માં શરૂ થશે અને સુરતથી વાપી વચ્ચેનો પ્રથમ તબક્કો ખુલશે, ત્યારબાદ મુંબઈ સુધીનો સંપૂર્ણ કોરિડોર તબક્કાવાર શરૂ કરાશે.

સબસ્ટેક પોસ્ટમાં તેમણે માહિતી આપી કે સપ્ટેમ્બર સુધીમાં 456 કિમી પીયર વર્ક અને 371 કિમી વાયાડક્ટ બાંધકામ પૂર્ણ થયું છે, જ્યારે 299 કિમીમાં 6 લાખ નોઈઝ બેરિયર્સ અને 206 કિમી વાયાડક્ટ પર 9,300 OHE માસ્ટ્સ લગાવાયા છે.

4 પર્વતીય ટનલ ખોદવામાં આવી છે અને મહારાષ્ટ્રની 21 કિમી ટનલમાંથી 5 કિમીનું ખોદકામ પૂર્ણ થયું છે, જેમાં 7 કિમી ભાગ થાણે ક્રીક નીચે સમુદ્રમાંથી પસાર થતી દેશની પ્રથમ અંડરસી રેલ ટનલનો છે. વિક્રોલી અને સાવલીથી જુલાઈ 2026માં બે ટનલ બોરિંગ મશીનો શરૂ કરાયા છે, જે 13.6 મીટર વ્યાસ, 3,000 ટનથી વધુ વજન અને 96 મીટર લંબાઈ ધરાવે છે.

આઠ સ્ટેશનોનું સિવિલ કામ પૂર્ણ થયું છે, આર્કિટેક્ચરલ ફિનિશિંગ ચાલુ છે અને સાબરમતી, સુરત તથા થાણેના ત્રણેય રોલિંગ સ્ટોક ડેપો પર કામગીરી પ્રગતિમાં છે. ICF અને BEML દ્વારા 280 કિ.મી. પ્રતિ કલાકની ક્ષમતા ધરાવતો સ્વદેશી બી28 ટ્રેનસેટ બની રહ્યો છે, જેના ટ્રેક ટ્રાયલ 2027ના મધ્ય સુધીમાં અપેક્ષિત છે, જ્યારે ત્યારબાદ 350 કિ.મી. પ્રતિ કલાકની બી35 ટ્રેન આવશે અને ઇલેક્ટ્રિફિકેશનના સાધનો પણ સ્વદેશી બની રહ્યા છે. 2017ની જાહેરાત બાદ મહારાષ્ટ્રમાં મંજૂરી-જમીન સંપાદન અને કોવિડને કારણે વિલંબ થયો હતો, પરંતુ 2021થી ગંભીર કામગીરી શરૂ થયા બાદ પાંચ વર્ષમાં આ પ્રગતિ થઈ છે.

# રાજસ્થાન સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કોંગ્રેસની જોરદાર વાપસી

**કોંગ્રેસ** 37માંથી 33 જિલ્લાની પંચાયત સમિતિમાં આગળ, 2028ની વિધાનસભા ચૂંટણી પહેલા કોંગ્રેસ છવાઈ

**1,271 જિલ્લા** પરિષદ બેઠકોમાંથી કોંગ્રેસે 794 અને ભાજપે 357 જીતી, સીએમ ભજનલાલ શર્માના ગૃહ જિલ્લા ભરતપુર અને તેમની સાંગાનેર બેઠક પર ભાજપને ફટકો

જયપુર, તા. 20 (પીટીઆઈ): રાજસ્થાન સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભજનલાલ શર્મા સરકારની ત્રીજી વર્ષગાંઠના એક મહિના પહેલા જ કોંગ્રેસે જોરદાર વાપસી કરીને શાસક ભાજપને મોટો ઝટકો આપ્યો છે. 37 જિલ્લાની 7,543 પંચાયત સમિતિ અને 1,275 જિલ્લા પરિષદ બેઠકોની મતગણતરીમાં કોંગ્રેસે 33 જિલ્લાની પંચાયત સમિતિઓમાં ભાજપ કરતાં વધુ બેઠકો જીતી છે, જ્યારે ભાજપ માત્ર અજમેર, બાલોતરા, સલુમ્બર અને ઉદયપુરમાં આગળ રહ્યો છે. જાહેર થયેલી 1,271 જિલ્લા પરિષદ બેઠકોમાંથી કોંગ્રેસે 794, ભાજપે 357, આરએલપીએ 51, બીએપીએ 43, અપક્ષોએ 13, સીપીઆઈ(એમ)એ 7 અને બસપાએ 6 બેઠકો જીતી છે.

# પહેલગામ હુમલામાં વપરાયેલા GoPro કેમેરા મુદ્દે ચીને હજુ જવાબ ન આપ્યોઃ NIA

**અમેરિકી** બનાવટનો GoPro કેમેરા ચીનના એક વિતરકને વેચવામાં આવ્યો હતો ત્યાં સુધીની માહિતી મળી છે પણ તે ત્રાસવાદીઓ સુધી કેવી રીતે પહોંચ્યો તે હજી રહસ્ય છે

નવી દિલ્હી, ૨૦(પીટીઆઈ): ગયા વર્ષે પહેલગામમાં થયેલા નરસંહાર પાછળના આતંકવાદીઓ પાસેથી મળી આવેલા અમેરિકન બનાવટના GoPro કેમેરા અંગે ભારતની વિનંતી પર ચીને હજુ સુધી કોઈ પ્રતિસાદ આપ્યો નથી, તેમ NIAના DG રાકેશ અગ્રવાલે શુક્રવારે જણાવ્યું હતું. તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે તપાસકર્તાઓએ આ કેસમાં "કેટલાક ફોરેન્સિક પુરાવા" એકત્ર કર્યા છે. આ ઉપકરણ અંગે ચીની સત્તાવાળાઓ તરફથી એજન્સીને કોઈ સંદેશ મળ્યો છે કે કેમ તે પૂછવામાં આવતા અગ્રવાલે અહીં પત્રકારોને જણાવ્યું હતું કે, "અમને અત્યાર સુધી કોઈ જવાબ મળ્યો નથી... પરંતુ અમારી પાસે કેટલાક ફોરેન્સિક પુરાવા છે." વરિષ્ઠ અધિકારીઓએ જણાવ્યું હતું કે પહેલગામ આતંકવાદી હુમલાની તપાસ દરમિયાન, ચીનને સપ્લાય કરવામાં આવેલો આ કેમેરો પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબા(LeT)ના હાથમાં કેવી રીતે પહોંચ્યો તે જાણવા માટે તપાસકર્તાઓએ વૈશ્વિક સપ્લાય ચેઈનને ટ્રેસ કરવાના આક્રમક પ્રયાસો કર્યા હતા. હુમલા બાદ ગયા વર્ષે જુલાઈમાં દાચીગામના જંગલોમાં થયેલી અથડામણમાં ઠાર મરાયેલા આતંકવાદીઓ પાસેથી મળી આવેલા આ હાઈ-ટેક કેમેરાએ જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદી સંગઠનોને ટેકો આપતા બાહ્ય લોજિસ્ટિક્સ નેટવર્કની તપાસની એક મહત્વપૂર્ણ નવી દિશા ખોલી છે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, ઉપકરણના મૂળને ઉજાગર કરવાના પ્રયાસરૂપે, નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી(NIA)એ કેમેરો ક્યાં વેચવામાં આવ્યો હતો તે જાણવા માટે સત્તાવાર રીતે અમેરિકન ઉત્પાદક GoPro Incનો સંપર્ક કર્યો હતો અને કંપનીએ જવાબ આપ્યો હતો કે આ ચોક્કસ ઉપકરણ મૂળરૂપે ચીનમાં એક અધિકૃત કોમર્શિયલ ડિસ્ટ્રિબ્યુટરને મોકલવામાં આવ્યું હતું. આ ઘટનાક્રમથી વાકેફ અધિકારીઓએ જણાવ્યું હતું કે તપાસ હવે ચીની ડિસ્ટ્રિબ્યુટર પાસેથી કેમેરો LeTના હેન્ડલર્સ સુધી કેવી રીતે પહોંચ્યો તે ટ્રેક કરવા પર કેન્દ્રિત થઈ છે.

# અમેરિકાના કૃષિ વિભાગમાં સાયબરસુરક્ષા ભંગની ઘટનાથી વ્યાપક અંધાધૂંધી

**ખેડૂતો** માટેની મહત્વપૂર્ણ નાણાકીય સેવાઓ ખોરવાઇઃ ખાદ્ય પુરવઠો ખોરવાવાનો ભય

**અમેરિકામાં** ચાલી રહેલી એક પછી એક આઉટેજની ઘટનાઓમાં વધુ એકનો ઉમેરો

વૉશિંગ્ટન, તા. ૨૦: એક સાયબર સુરક્ષા ભંગને કારણે અમેરિકી સરકારની મહત્વપૂર્ણ સિસ્ટમમાં અંધાધૂંધી ફેલાઈ ગઈ છે, જેનાથી અમેરિકાના ખાદ્ય પુરવઠાને ચાલુ રાખવામાં મદદ કરતા ફેડરલ કાર્યક્રમો ખોરવાઈ ગયા છે. યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ એગ્રીકલ્ચર(USDA) ઓછામાં ઓછા સોમવારથી સિસ્ટમ શટડાઉનની વ્યાપક સમસ્યાનો સામનો કરી રહ્યું છે, જેના કારણે ખેડૂતો માટેની મહત્વપૂર્ણ નાણાકીય સેવાઓ ખોરવાઈ ગઈ છે. આ સાયબર સુરક્ષા ઘટના ગુરુવારે જ જાહેરમાં સામે આવી હતી. આ શટડાઉનને કારણે કર્મચારીઓ કૃષિ લોન અને નાણાકીય સહાયને ટ્રેક કરવા માટે વપરાતી મહત્વપૂર્ણ સિસ્ટમ્સનો ઉપયોગ કરી શકતા નથી, અને અધિકારીઓએ ચેતવણી આપી છે કે આ વિક્ષેપ સમગ્ર સપ્તાહ દરમિયાન ચાલુ રહી શકે છે.

# નવી લોન્ચ થયેલી વીડિયો ગેમમાં અતિ હિંસક દ્રશ્યોના ચિત્રણથી ભારે આક્રોશ

**'ગ્રાન્ડ થેફ્ટ** ઓટો 6' નામની આ ગેમમાં ક્રૂર મારપીટ અને સામૂહિક ગોળીબારના અત્યંત વાસ્તવિક ચિત્રણ છે

**નાની** ઉંમરના ખેલાડીઓ પર કેવી અસર પડશે તેની ચાલુ થયેલી ગંભીર ચર્ચાઓ



લંડન, તા. ૨૦: એક હિંસક ગેમપ્લેના ચોંકાવનારા વીડિયો ઓનલાઈન પોસ્ટ થયા બાદ 'ગ્રાન્ડ થેફ્ટ ઓટો 6'ને 'મર્ડર સિમ્યુલેટર' તરીકે ઓળખાવવામાં આવી રહી છે.

ગુરુવારે તેના લોન્ચિંગ પહેલાં પ્રી-સેલ્સમાં 1.7 બિલિયન ડોલરની કમાણી કરનાર આ વીડિયો ગેમે, ક્રૂર મારપીટ અને સામૂહિક ગોળીબારના અત્યંત વાસ્તવિક ચિત્રણને કારણે ભારે આક્રોશ જગાવ્યો છે. ખેલાડીઓએ સોશિયલ મીડિયા પર એવા વીડિયો પોસ્ટ કર્યા છે જેમાં તેઓ પોલીસ અધિકારીઓને ગોળી મારીને હત્યા કરતા અને મહિલાઓના ચહેરા પર બેરહેમીથી પ્રહાર કરતા જોવા મળે છે.

એક ગેમપ્લે ક્લિપમાં મુખ્ય પુરુષ પાત્ર જેસન, એક મહિલાને ત્યાં સુધી ગોળી મારતો દેખાય છે જ્યાં સુધી તેનું માથું ફાટી ન જાય અને ત્યારબાદ તે લોહીલુહાણ લાશની સામે ઊભા રહીને સેલ્ફી લે છે - જ્યારે અન્ય ક્લિપ્સમાં પોલીસ અધિકારીઓ સામેની હિંસા દર્શાવવામાં આવી છે. GTA 6ને બનતા 13 વર્ષ લાગ્યા છે અને વિવેચકો તરફથી મળેલા શાનદાર રિવ્યુ સાથે તેને 'સદીની સર્વશ્રેષ્ઠ ગેમ' અને 'માસ્ટરપીસ' ગણાવવામાં આવી છે. તેના ડેવલપર્સ, રોકસ્ટાર નોર્થે ભારપૂર્વક જણાવ્યું છે કે તેમણે એક એવી જીવંત અને રોમાંચક દુનિયા તૈયાર કરી છે જ્યાં ખેલાડીઓ જે ઈચ્છે તે કરી શકે છે. પરંતુ ગેમના અત્યંત વાસ્તવિક ગ્રાફિક્સે આ બાબત પર સવાલો ઉભા કર્યા છે, ખાસ કરીને આ ગેમ રમનારા મુખ્ય વર્ગ(યુવા પેઢી)ને ધ્યાનમાં રાખીને. નેશનલ સેન્ટર ઓન સેક્સ્યુઅલ એક્સપ્લોઇટેશનના પ્રમુખ રિચી હેમે જણાવ્યું હતું કે, મને નથી લાગતું કે માતા-પિતા ખરેખર એ સમજે છે કે આ ગેમ ખાસ કરીને નાની ઉંમરના ખેલાડીઓ માટે કેટલી ખરાબ છે.


KALAMANDIR
આજનો સોનાનો ભાવ પ્રતિ ૧૦ ગ્રામ
22 KT 1,13,530/-
18 KT 92,850/- 14 KT 72,420/-
વડોદરા | મુંબઈ | અમદાવાદ | સુરત | વાપી
મહેસાણા | ભરૂચ | કોસંબા | +91 95109 70230



TORRENT POWER
વીજપ્રવાહ બંધ રહેવા બાબત
ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપુરવઠો આપવાના હેતુથી નીચે દર્શાવેલ સબસ્ટેશનોના નેટવર્ક મેઈન્ટેનન્સનું આયોજન કરેલ છે. આ સબસ્ટેશનોમાંથી વીજપુરવઠો મેળવતા ગ્રાહકોનો સવારના ૯:૦૦ થી સાંજના ૬:૦૦ કલાક દરમ્યાન વીજપુરવઠો બંધ રહેશે. અનુસૂચિત સમય પહેલા વીજપુરવઠો પુનઃકાર્યરત કરવા માટે અમે અમારા શ્રેષ્ઠ પ્રયાસો કરીશું.
• ૨૩-૧૧-૨૦૨૬, સોમવાર : પ્રયોષા ડાયમંડ, મનસ્વી (એ.કે. રોડ), શૈરુ જેમ્સ (વસ્તાદેવડી) (એચ.ટી.)
• ૨૪-૧૧-૨૦૨૬, મંગળવાર: સોહમ રેસિડેન્સી (કતારગામ રોડ), રાધિકા રો હાઉસ (વેડ રોડ), રોઝી ઈન્ડ.(કતારગામ રોડ)
• ૨૫-૧૧-૨૦૨૬, બુધવાર : કે.પી. સંઘવી (લાલ દરવાજા)
• ૨૬-૧૧-૨૦૨૬, ગુરુવાર : રેક્સોના, જય શિવમ (કતારગામ), અમીઝારા પેલેસ (લાલ દરવાજા)
• ૨૭-૧૧-૨૦૨૬, શુક્રવાર : એ.પી.એમ.સી. માર્કેટ નં. ૨ (એચ.ટી.), ઉમરવાડા (બોમ્બે માર્કેટ)
• ૨૮-૧૧-૨૦૨૬, શનિવાર : રણછોડ નગર (પરવત પાટિયા)
અસુવિધા બદલ દિલગીર છીએ
Door step services are available for senior & Differently Abled citizens
Request to call on 19128 (Toll Free) / 0261-2551912 / 9099991912
or mail to connect.srt@torrentpower.com
WhatsApp 8141970070
જાહેર જનતા તથા સબસ્ટેશનની સુરક્ષા અને અવિરત વીજપુરવઠો જળવાઈ રહે તે હેતુસર સબસ્ટેશન/મીટર બોક્સ/એમ.એસ.પી ની આજુબાજુ કચરો તેમજ જવલંતશીલ પદાર્થ નાખવો નહીં તેમજ સળગાવવો નહીં.







## પેજ 3

### અનિલ કપૂરે ફ્રાન્સના રાષ્ટ્રપતિ મેક્રોન સાથે કરી મુલાકાત



પેરિસ, તા. 20: બોલિવૂડ અભિનેતા અનિલ કપૂરે પેરિસમાં ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોન સાથે મુલાકાત કરી હતી. અનિલ કપૂરે ઇન્સ્ટાગ્રામ પર મુલાકાતની તસવીરો શેર કરીને જણાવ્યું કે બંને વચ્ચે સિનેમા, કલા, સંસ્કૃતિ, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઈ), ઉર્જા અને આર્કિટેક્ચર જેવા વિષયો પર રસપ્રદ ચર્ચા થઈ હતી. આ દરમિયાન તેમણે મેક્રોનની ઓફિસમાં નેપોલિયનના સમયની ઐતિહાસિક વસ્તુઓ પણ નિહાળી હતી. કપૂરે મેક્રોનનો આભાર માનતા લખ્યું કે પેરિસમાં તેમને અને તેમના ભત્રીજાને ઘર જેવું વાતાવરણ અનુભવાયું અને ભારતમાં મેક્રોનનું ફરી સ્વાગત કરવા તેઓ આતુર છે. અગાઉ અનિલ કપૂર ઇટાલીના ફ્લોરેન્સમાં સંજય કપૂર અને ચંકી પાંડે સાથે જોવા મળ્યા હતા.

### આમિર ખાને 3 લક્ઝરી એપાર્ટમેન્ટ્સ રૂ. 38 લાખના માસિક ભાડે આપ્યા

મુંબઈ, તા. 20: બોલિવૂડ અભિનેતા આમિર ખાને મુંબઈના ખાર-સાંતાક્રુઝ વિસ્તારમાં આવેલા પોતાના ત્રણ લક્ઝરી એપાર્ટમેન્ટ્સ ચાર વર્ષથી વધુ સમય માટે ભાડે આપ્યા છે, જેનું કુલ માસિક ભાડું 38 લાખ રૂપિયા નક્કી કરવામાં આવ્યું છે. પ્રોપર્ટી રજિસ્ટ્રેશન દસ્તાવેજો મુજબ, 11મા, 12મા અને 14મા માળે આવેલા આ ત્રણ ફ્લેટનો કુલ કાર્પેટ એરિયા 12,200 ચોરસ ફૂટ છે. આ પૈકી 14મા માળના સૌથી મોટા એપાર્ટમેન્ટનું ભાડું 20 લાખ રૂપિયા અને અન્ય બે ફ્લેટનું ભાડું પ્રત્યેક 9 લાખ રૂપિયા છે. 1 જાન્યુઆરી, 2027થી 31 ડિસેમ્બર, 2030 સુધીના 48 મહિનાના આ કરારમાં દર વર્ષે ભાડામાં 5 ટકાનો વધારો થશે. ઉપરાંત, આ ડીલમાં 38 લાખ રૂપિયાની સિક્યોરિટી ડિપોઝિટ પણ સામેલ છે.

### સામંથા રૂથ પ્રભુ અને રાજ નિદિમોરુને ત્યાં પુત્રનો જન્મ, નામ 'દેવ નિદિમોરુ' રાખ્યું



હૈદરાબાદ, તા. 20: અભિનેત્રી સામંથા રૂથ પ્રભુ અને ફિલ્મમેકર રાજ નિદિમોરુ માતા-પિતા બન્યા છે. દંપતીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઇન્સ્ટાગ્રામ પર જાહેરાત કરી છે કે 19 નવેમ્બર, 2026ના રોજ તેમના ઘરે પ્રથમ સંતાન રૂપે પુત્રનો જન્મ થયો છે. તેમણે નવજાત શિશુ આંગળી પકડીને બેઠું હોય તેવી સુંદર તસવીર શેર કરીને પુત્રનું નામ 'દેવ નિદિમોરુ' રાખ્યું હોવાનું જણાવ્યું છે. સામંથા અને રાજે કેપ્શનમાં લખ્યું કે, 'અમારો સુંદર દીકરો દેવ નિદિમોરુ, અમારા હૃદય અત્યારે સૌથી વધુ ખુશ છે.' ઉલ્લેખનીય છે કે 1 ડિસેમ્બરે લગ્નગ્રંથિથી જોડાયેલા આ દંપતીએ અગાઉ 24 જૂને હૈદરાબાદમાં ફિલ્મના સક્સેસ મીટ દરમિયાન પ્રેગ્નન્સીની જાહેરાત કરી હતી.

### સલમાનથી ઐશ્વર્યાને સુરક્ષિત રાખવા મને રખાયો હતો: બોડીગાર્ડ કેતન

મુંબઈ, તા. 20: 2002માં 'કુછ ના કહો'ના શૂટિંગ દરમિયાન ઐશ્વર્યા રાયને સલમાન ખાનથી સુરક્ષિત રાખવા માટે બોડીગાર્ડ કેતન કરાંડેને રાખવામાં આવ્યા હતા, પરંતુ સાત દિવસમાં જ તેણે નોકરી છોડી દીધી હતી. એક ઇન્ટરવ્યુમાં કેતને જણાવ્યું કે તેઓ ઐશ્વર્યાને સેટ પર લાવવા-લઈ જવા અને ફેશન શો જેવા કાર્યક્રમોમાં સાથે રહેતા હતા. ફેશન શો પરથી પરત ફરતી વખતે રસ્તામાં સલમાન ખાન સાથે સામનો થયા બાદ કેતને આ કામ છોડી દીધું હતું, કારણ કે તેઓ સલમાન અને ઐશ્વર્યા બંનેના પ્રશંસક હતા અને આ મામલામાં ફસાવા માગતા ન હતા. કાવેરી બામઝાઈના પુસ્તક અને પ્રહલાદ કક્કડના નિવેદનોમાં પણ તે સમયના તણાવનો ઉલ્લેખ છે, જ્યારે સલમાને શાહરુખ-ઐશ્વર્યાની ફિલ્મના સેટ પર જઈ ધમાલ કરી હતી અને આ તણાવના કારણે ઐશ્વર્યાને કેટલીક શાહરુખ અભિનીત ફિલ્મોમાંથી બહાર કરવામાં આવી હતી. સલમાન ખાન અત્યારે આવનારી ફિલ્મ 'માતૃભૂમિ'ની રીલીઝની તૈયારીમાં છે.